For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

વડોદરા કોર્પોરેશનમાં ક્રિકેટ કીટ મુદ્દે વિવાદ : મામલો શહેર પ્રમુખ સુધી પહોંચ્યો

# મેયર અને ડે. મેયર વચ્ચે ક્રિકેટ કીટ મુદ્દે રાજકીય મેચ, શહેર પ્રમુખે થઈ અમ્પાયર બનવું પડ્યું

(પ્રતિનિધિ) વડોદરા તા.6

મહાનગરપાલિકાની ચૂંટાયેલી અને વહીવટી પાંખની ક્રિકેટ ટીમો ભાવનગર ખાતે યોજાનારી ટુર્નામેન્ટ માટે રવાના થઈ છે. પરંતુ મેચ શરૂ થવા પહેલાં જ ક્રિકેટ કીટની ખરીદી મુદ્દે ભાજપમાં આંતરિક વિવાદ સામે આવ્યો છે. આ મુદ્દે મેયર અને ડેપ્યુટી મેયર આમને-સામને આવી ગયા હતા અને અંતે મામલો શહેર પ્રમુખ સુધી પહોંચ્યો હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત માહિતી મુજબ, ભાવનગરમાં યોજાનારી ક્રિકેટ ટુર્નામેન્ટ માટે કુલ 40 ખેલાડીઓ અને મેનેજર માટે કીટ ખરીદવાની હતી. મેયરે ખર્ચ નિયંત્રણ અને હોદ્દાની ગરિમા જળવાઈ રહે તે હેતુથી દરેક ખેલાડી માટે બે જોડી યુનિફોર્મ અને એક જોડી શૂઝ આપવાનું સૂચન કર્યું હતું.

પરંતુ ડેપ્યુટી મેયર દ્વારા આ સૂચનને અવગણીને ત્રણ જોડી યુનિફોર્મ, બે જોડી શૂઝ અને વધારાની બેગ ખરીદવાનો આગ્રહ રાખવામાં આવ્યો હતો. આ નિર્ણયને કારણે કોર્પોરેશન પર લાખો રૂપિયાનો વધારાનો આર્થિક બોજ આવવાની શક્યતા ઊભી થતાં વિવાદ વકર્યો હતો.




મેયરના સૂચનની અવગણના કરીને ઉપરવટ નિર્ણય લેવાતા પક્ષની અંદર અસંતોષ જોવા મળ્યો હતો. અગાઉ પણ મેયરની હોદ્દાની ગરિમા જળવાતી નથી તેવી ફરિયાદો ઉચ્ચ સ્તરે પહોંચ્યાની ચર્ચા છે. હાલનો મામલો ગંભીર બનતા અંતે શહેર પ્રમુખે મધ્યસ્થી કરી પક્ષશિસ્ત અને ખર્ચ નિયંત્રણને ધ્યાને લઈ મેયરના સૂચન મુજબ જ ક્રિકેટ કીટ આપવાનો નિર્ણય લેવાયો હોવાનું જાણવા મળે છે.

ઉલ્લેખનીય છે કે ચાલુ વર્ષે પણ પ્રેક્ટિસ દરમિયાન ચા-નાસ્તા અને અન્ય વ્યવસ્થાઓ પાછળ હજારો રૂપિયાનો ખર્ચ થયો હોવાનું મનાય છે. એક તરફ સામાન્ય જનતાના કરના પૈસાનો સદુપયોગ કરવાની વાતો કરવામાં આવે છે, ત્યારે બીજી તરફ સત્તાધારી પક્ષના પદાધિકારીઓ વચ્ચે ખર્ચ અને નિર્ણય પ્રક્રિયા મુદ્દે ઉભો થયેલો આ વિવાદ શહેરમાં ચર્ચાનો વિષય બન્યો છે.

**ગત વર્ષે ક્રિકેટ પાછળ 15.28 લાખનો ખર્ચ**

**કુલ ખર્ચ:** પુરૂષ અને મહિલા ટીમ પાછળ કુલ 15.28 લાખ

**ખાણી-પીણી:** 6 દિવસની પ્રેક્ટિસ માટે ચા-નાસ્તા 84,250
5 દિવસના જમવા માટે 53,200

**સાધન સામગ્રી:** ટ્રેકશૂટ, બેટ, બોલ અને અન્ય કીટ માટે બે એજન્સીઓને કુલ 13.91 લાખ ચૂકવાયા

આ તમામ વિગતો વચ્ચે હવે કોર્પોરેશનની અંદર નિર્ણય પ્રક્રિયા અને ખર્ચ પર નિયંત્રણ અંગે વધુ સ્પષ્ટતા અને જવાબદારીની જરૂરિયાત હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

સિટી પોલીસ મથક હદ વિસ્તારમાં ગેસ વિભાગની ટીમોએ ધામા નાખ્યા

# શહેરમાં ગેસના 300 કનેક્શનના અઢી કરોડ ઉપરાંતના બાકી બિલની વસૂલાત માટે કાર્યવાહી

**યાકુતપુરા,** જુની ગઢી પાણીગેટ અને છીપવાડ વિસ્તારમાં આગામી ચાર દિવસ સુધી કાર્યવાહી ચાલશે



(પ્રતિનિધિ) વડોદરા,તા.6

વડોદરા ગેસ લિમિટેડની જુદી જુદી ટીમો આજે સિટી પોલીસ મથક હદ વિસ્તારમાં પોલીસના બંદોબસ્ત સાથે ત્રાટકી હતી. 300 જેટલા ગેસ કનેક્શનમાં આશરે અઢી કરોડ જેટલી બાકી ગેસ બિલની વસુલાત માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જે આગામી ચાર દિવસ સુધી યથાવત રહેશે.

સિટી પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આવતા યાકુતપુરા, જુની ગઢી પાણીગેટ અને છીપવાડ વિસ્તારમાં ગેસ બિલની બાકી રકમની વસૂલાત માટે ગેસ વિભાગની ટીમે કાર્યવાહી હાથ ધરી છે. બાકી બિલ ન ભરનારા ગ્રાહકોના ગેસ કનેક્શન કાપવામાં આવ્યા છે. આ કાર્યવાહીથી વિસ્તારમાં રહેવાસીઓમાં ચર્ચા જાગી છે. ગેસ વિભાગ દ્વારા લાંબા સમયથી બાકી રકમની વસુલાત માટે આ પગલું લેવામાં આવ્યું છે અને વધુ વિસ્તારોમાં પણ આવી કાર્યવાહી ચાલુ રહેશે તેવી માહિતી આપવામાં આવી છે. બાકી બિલ તાત્કાલિક ભરીને કનેક્શન પુનઃ સ્થાપિત કરવા માટે નાગરિકોને અપીલ કરવામાં આવી છે.

વડોદરા ગેસ લિમિટેડના અધિકારી હર્ષ રાજે જણાવ્યું હતું કે, સિટી પોલીસ સ્ટેશનમાં આવતા વિસ્તારો જેમાં વડોદરા ગેસ લિમિટેડના જે ગ્રાહકો છે અને જેમનું પેમેન્ટ બાકી છે, તેની રિકવરી કરવામાં આવી રહી છે. અંદાજિત 300 જેટલા નામ છે. જેમનું બાકી પડતું બિલ છે આગામી ચાર દિવસ સુધી આ કાર્યવાહી ચાલશે. બે થી અઢી કરોડ જેટલી રિકવરી બાકી છે. લોકોને પણ અમે અપીલ કરીએ છીએ કે, જેનું પણ બિલ બાકી હોય તે તાત્કાલિક ભરવામાં આવે.

બીસીએના આયોજન સામે ક્યાંક ખુશી તો ક્યાંક છૂપો રોષ

# ઈતિહાસમાં સૌપ્રથમ વખત બીસીએના સભ્યોએ ટીકીટ માટે લાઈન લગાવવી પડી

**લોકલ** બોય હાર્દિક પંડ્યા મેચમાં નહીં રમે, આગામી ટી 20 વર્લ્ડ કપની મેચમાં ફિટનેસ જાળવી રાખવા નિર્ણય લેવાયો હોવાની ચર્ચા

(પ્રતિનિધિ) વડોદરા,તા.6

કોટંબી સ્ટેડિયમ ખાતે યોજાનાર ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચેની ઓડીઆઇ ક્રિકેટ મેચને લઈને બીસીએના સભ્યો માટે ટિકિટ વિતરણ શરૂ કરવામાં આવ્યું છે. જેમાં સભ્યોને ટીકીટ સાથે પાર્કિંગ પાસ પણ આપવામાં આવ્યા હતા. જોકે કેટલાક સભ્યોએ બીસીએના ઈતિહાસમાં આવું આયોજન પ્રથમ વખત કર્યું હોય સભ્યોને ટીકીટ માટે લાઈનમાં ઉભા રહેવાની નોબત આવી હોય જણાવી નારાજગી પણ દર્શાવી હતી.

11 જાન્યુઆરીએ કોટંબી સ્ટેડિયમ ખાતે યોજાનાર ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચેની ઓડીઆઈ ક્રિકેટ મેચની ટિકિટો બીસીએના સભ્યો માટે વિતરણ મંગળવારથી બે દિવસ માટે શરૂઆત કરવામાં આવ્યું છે. આ પ્રક્રિયા સવારે 10:30 થી સાંજના 5:30 વાગ્યા સુધી ચાલશે. સભ્યોને કોઈ અગવડતા ન પડે તે માટે સંસ્કૃતિ હોલ એલેમ્બિક અને મોતીબાગ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવ્યું છે. જોકે આ વ્યવસ્થાને લઈ કેટલાક સભ્યોએ ખુશી તો કેટલાક સભ્યોએ નારાજગી પણ દર્શાવી હતી. ટીકીટ લેવા આવેલા મયુર પટેલે જણાવ્યું હતું કે, એવું થઈ ગયું કે આમ પબ્લિકની જેમ હવે મેમ્બરોએ પણ લાઈનમાં ઊભા રહીને ટિકિટ લેવાનો વારો આવ્યો છે.

**ચૂંટણી પૂર્વે આડે આવતા વિઘ્નો દૂર કરવા પ્રયાસ**

બીસીએના જોઈન્ટ સેક્રેટરી પરાગ પટેલના સસ્પેન્શન લેટરમાં જણાવ્યું છે કે, તમને શોકોઝ નોટિસ આપવામાં આવી હતી, તેના માટે પૂરતો સમય અપાયો હતો. નોટિસ સંબંધમાં તમે કરેલી સ્પષ્ટતાથી બીસીએને સંતોષ નથી. એટલે તમને સસ્પેન્ડ કરવામાં આવે છે અને તમારી સામે પેન્ડિંગ ઇન્કવાયરી રહેશે. આ સાથે જ તમારા સભ્ય તરીકે ના તમામ હકો રોકી દેવામાં આવે છે જેની નોંધ લેવી.

**એજીએમમાં પ્રોટેસ્ટ કર્યો અને બીસીએને યોગ્ય ના હોય તેવી પોસ્ટ મૂકી ડીસીપ્લીનરીનું કારણ**

એકદમ અન કોન્સ્ટિટ્યુશનલ છે. હું ઓમ્બ્યુઝમેન્ટ પાસે ગયેલો છું અને તેમના દ્વારા કોઈ ડિસિઝન આપ્યું નથી અને તે લોકોએ ત્યાં સુધી રાહ જોવી જોઈએ એવું મારું માનવું છે. પણ હવે એ લોકોએ એમની મનસૂફી પ્રમાણે કરેલું છે. ભૂતકાળમાં મને મારી પોસ્ટ ઉપરથી કાઢ્યો હતો, ત્યારે તો કોઈ શોકોઝ નોટિસ પણ આપી ન હતી અને શોકોઝ નોટિસ આપ્યા વગર સસ્પેન્ડ કરાય એવું તો છે જ નહીં, તો પણ આજ સુધી એનીબી પણ એમણે કોઈ એક્શન લીધા નથી. ડીસીપ્લીનરી કારણ છે અને એ કારણમાં એવું છે કે તમે એજીએમમાં પ્રોટેસ્ટ કર્યો અને સોશિયલ મીડિયા ઉપર બીસીએને યોગ્ય ન હોય એવી પોસ્ટ મૂકી. કોઈપણ સંસ્થામાં કોઈ પણ વસ્તુનો લોકશાહીની ઢબે પ્રોટેસ્ટ કરવો એ શું ગુનો છે. સંસદમાં પણ આ જ કામ થાય છે, તો શું બધાને ઘરે બેસાડે છે. મને શોકોઝ નોટિસ આપી હતી એનો મેં જવાબ આપ્યો છે કે આ જેણે મને નોટિસ આપી છે. એ વ્યક્તિનાજ છ વર્ષ અપેક્ષ કાઉન્સિલ મેમ્બર પતી ગયા છે. એની ઓથોરિટી જ નથી કે મને આવી રીતે નોટિસ આપે. **- પરાગ પટેલ,** પૂર્વ જો.સેક્રેટરી

'બૂલેટવાળા' યુવાન પર કાયદાનો કોરડો વિંઝનાર શહેરની 'બહાદુર' ટ્રાફિક પોલીસ અહીં કાર્યવાહી કરશે?

# વડોદરામાં 'સાહેબ'ની ગાડીને કાયદો નડતો નથી? SDMની કારમાં કાળા કાચ અને નંબર પ્લેટ ગાયબ!

**સામાન્ય** જનતા પાસે દંડ ઉઘરાવતી ટ્રાફિક પોલીસ સરકારી ગાડી સામે લાચારઃ શું નિયમો માત્ર આમ આદમી માટે જ છે?






(પ્રતિનિધિ) વડોદરા તા.6

શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અંગે ફરી એકવાર ગંભીર સવાલો ઉભા થયા છે. વડોદરા ટ્રાફિક પોલીસ દ્વારા સામાન્ય નાગરિકો પાસેથી નિયમ ભંગ બદલ મસમોટો દંડ વસૂલવામાં આવે છે, પરંતુ જ્યારે વાત ઉચ્ચ અધિકારીઓની આવે છે ત્યારે તંત્ર જાણે આંખ આડા કાન કરી રહ્યું હોય તેવું દ્રશ્ય સામે આવ્યું છે. તાજેતરમાં વડોદરાના એક સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટની સરકારી ગાડી ટ્રાફિકના નિયમોનું સરેઆમ ઉલ્લંઘન કરતી જોવા મળી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, એસ.ડી.એમ.ની આ સરકારી ગાડીમાં કાચ પર પ્રતિબંધિત કાળી ફિલ્મ લગાવેલી જોવા મળી હતી. એટલું જ નહીં, ગાડીની આગળના ભાગે નિયમ મુજબની નંબર પ્લેટ પણ ગેરહાજર હતી. સામાન્ય રીતે જો કોઈ સામાન્ય નાગરિક પોતાની ગાડીમાં કાળા કાચ રાખે અથવા નંબર પ્લેટ વગર વાહન ચલાવે તો પોલીસ તાત્કાલિક મેમો ફાડે છે અથવા ગાડી ડિટેન કરે છે. પરંતુ આ કિસ્સામાં સરકારી ગાડી હોવાને કારણે પોલીસ તંત્ર દ્વારા કોઈ જ કાર્યવાહી કરવામાં ન આવતા અનેક તર્ક-વિતર્ક સર્જાયા છે.

શહેરના જાગૃત નાગરિકોમાં આ બાબતે ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકો પૂછી રહ્યા છે કે શું ટ્રાફિકના નિયમો માત્ર સામાન્ય જનતાને હેરાન કરવા માટે જ છે? ઉચ્ચ અધિકારીઓ માટે નિયમોમાં છૂટછાટ કેમ આપવામાં આવે છે? જો કાયદાના રક્ષક અને અમલીકરણ કરાવનારા અધિકારીઓ જ કાયદાનું ઉલ્લંઘન કરશે તો જનતા પાસે શિસ્તની અપેક્ષા કઈ રીતે રાખી શકાય?

વડોદરા મહાનગર પાલિકામાં બાકી વેરાની મિલકતોને સીલની કાર્યવાહી શરૂ

# 23 લાખ વેરો નહીં ભરનાર ફતેગંજની શાનેન સ્કૂલને સીલ મારવામાં આવ્યું

**વર્ષોથી** વેરો ન ભરનારાઓ સામે મ્યુ.કમિશનર અરુણ મહેશ બાબુની સીધી કાર્યવાહી

(પ્રતિનિધિ) વડોદરા. તા. 6

વડોદરા મહાનગરપાલિકાએ વર્ષોથી મિલકત વેરો ન ભરનારાઓ સામે હવે કોઈ નરમાશ ન રાખતા કડક કાર્યવાહીનો આરંભ કર્યો છે. આ કાર્યવાહીની શરૂઆત ફતેગંજ વિસ્તારમાં આવેલી *શાનેન સ્કૂલ (GSEB)*થી કરવામાં આવી છે, જેને અંદાજે રૂ. 23 લાખથી વધુના બાકી મિલકત વેરાના કારણે પાલિકા દ્વારા સીલ મારવામાં આવી છે.

કડકાઈથી કામ કરવા માટે જાણીતા વડોદરાના મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુના સીધા આદેશ બાદ આજથી વેરા બાકીદારો સામે મિલકતો સીલ કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. વોર્ડ નંબર-2 ફતેગંજ વિસ્તારમાં આવેલી શાનેન સ્કૂલ લાંબા સમયથી વેરો બાકી રાખી રહી હોવા છતાં પાલિકાની નોટિસોને અવગણતી હોવાનું જણાવાય છે, જેના પગલે અંતે સીલની કાર્યવાહી કરાઈ છે. ખાસ નોંધનીય બાબત એ છે કે, આ સ્કૂલના સંચાલક સુનિલ દલવાડીને રાજકીય ટેકો હોવાનું શહેરમાં ચર્ચાતું રહ્યું છે. તેમ છતાં પાલિકાએ કોઈપણ પ્રકારના દબાણને



બાજુ પર રાખી કાર્યવાહી કરતા હવે વેરા બાકી ધરાવનાર અન્ય મિલકતધારકોમાં ફફડાટ ફેલાયો છે. જો કે, શાળાને સીલ મારતા જ શાનેન સ્કૂલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના ભણતર અંગે ગંભીર પ્રશ્નો ઉભા થયા છે. બાળકોનું ભવિષ્ય શું? શું પાલિકા વાલીઓની મુશ્કેલીને ધ્યાને લઈ કોઈ અસ્થાયી વ્યવસ્થા કરશે કે પછી સંપૂર્ણ બાકી વેરાની ચૂકવણી બાદ જ સ્કૂલ ખોલવામાં આવશે - તે મુદ્દે સ્પષ્ટતા થઈ નથી. આ સમગ્ર ઘટનાને લઈ વાલીઓમાં ચિંતા અને અસમંજસની સ્થિતિ સર્જાઈ છે. આગામી દિવસોમાં વાલીઓ દ્વારા બાળકોના ભણતરનું નુકસાન ન થાય તે માટે પાલિકા સમક્ષ રજૂઆત કરવામાં આવશે કે નહીં, તે જોવાનું રહ્યું. એક વાત સ્પષ્ટ છે કે, શાનેન સ્કૂલ પર સીલ મારીને પાલિકાએ સંદેશ આપી દીધો છે કે હવે વેરા મુદ્દે કોઈને પણ છૂટછાટ મળશે નહીં.

## ઠંડા પવનોથી શહેરમાં ઠંડીનું જોર વધ્યું, તાપમાન 13.6 ડીગ્રી

(પ્રતિનિધિ) વડોદરા તા.6

વડોદરા શહેરમાં બે દિવસથી ઠંડીની તીવ્રતામાં નોંધપાત્ર વધારો થયો છે. ઠંડા પવનોના કારણે ઠંડીનું જોર વધ્યું છે. ત્યારે, મંગળવારે શહેરનું મહત્તમ તાપમાન 27.2 ડીગ્રી અને લઘુત્તમ તાપમાન 13.6 ડીગ્રી સાથે સવારે હવામાં ભેજનું પ્રમાણ 87 ટકા અને સાંજે 52 ટકા નોંધાયું હતું. ઉત્તર ભારતમાં હિમવર્ષા થતા તેની અસર ગુજરાતના હવામાન પર જોવા મળી રહી છે. ઉત્તર પૂર્વથી પૂર્વ દિશા તરફ ઠંડા પવનો ફૂંકાઈ રહયા છે. જેના કારણે લઘુત્તમ તાપમાનમાં વધઘટ જોવા મળી રહી છે. છેલ્લા 24 કલાકમાં વડોદરા સહિત રાજ્યના અનેક શહેરમાં તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો હતો. તેમજ હજી પણ આગામી બે દિવસમાં તાપમાનમાં બે થી ત્રણ ડીગ્રી ઘટાડાની આગાહી કરવામાં આવી છે. હાલમાં ઠંડા અને સૂકા પવનો ફૂંકાવાને કારણે ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે.

# ટ્રાફિક એસીપી તથા પોલીસ કર્મચારીઓ વિરુદ્ધ FIR ન નોંધાતા યુવકે કોર્ટનો દરવાજો ખખડાવ્યો

**શહેર** ટ્રાફિક નિયમના ભંગ બદલ દમન ગુજાર્યાનો આક્ષેપ; એસએસજી હોસ્પિટલના તબીબો પર પણ ગંભીર આરોપ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 6

વડોદરા શહેરમાં ટ્રાફિક પોલીસ દ્વારા યુવક પર મારપીટ અને દમન ગુજાર્યાના ગંભીર આક્ષેપો સાથેનો મામલો હવે કોર્ટ સુધી પહોંચ્યો છે. ટ્રાફિક એસીપી સહિતના પોલીસ કર્મચારીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધવામાં ન આવતાં, પીડિત યુવકે ન્યાય મેળવવા માટે કોર્ટમાં અરજી દાખલ કરી છે.

કરચિયા રોડ, બાજવા ફાટક પાસે આવેલી આમ્રપાલી રેસિડેન્સીમાં રહેતા કૌશિલસિંહ જાટે અરજીમાં જણાવ્યું છે કે તા. 3 જાન્યુઆરીના રોજ તેઓ બુલેટ પર અલકાપુરી (માંજલપુર) નોકરી જવા નીકળ્યા હતા. તે દરમિયાન દાંડિયાબજાર ચાર રસ્તા પાસે ટ્રાફિક પોલીસના કર્મચારીઓએ નંબર પ્લેટ ન હોવા તથા મોડીફાઇડ સાયલેન્સરનો મુદ્દો ઉઠાવી બુલેટની ચાવી માગી હતી. યુવકે ચાવી ન આપતાં ટ્રાફિક પોલીસે તેના પર મારપીટ શરૂ કરી હોવાનું આક્ષેપ કરવામાં આવ્યો છે.

ફરિયાદ મુજબ, યુવકને બળજબરીથી પોલીસ વાનમાં બેસાડી સયાજીગંજ સ્થિત ટ્રાફિક કચેરી લઈ જવાયો હતો, જ્યાં વાનમાં પણ ઢોર માર મારવામાં આવ્યો હતો. કચેરીએ પહોંચ્યા બાદ ટ્રાફિક એસીપી ડી.એમ. વ્યાસ સહિતના પોલીસ કર્મચારીઓએ વાળ ખેંચી લાકડી વડે ફટકા માર્યા હોવાનો તેમજ માનવતા ભંગ થાય તે રીતે પ્રાઈવેટ પાર્ટ પર લાતો મારી હોવાનો ગંભીર આક્ષેપ કરવામાં આવ્યો છે. યુવકનો દાવો છે કે અન્ય પોલીસ કર્મચારીઓએ રોકવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ એસીપીએ ધ્યાન ન આપ્યું.

મારપીટ બાદ યુવકને ગંભીર ઈજાઓ પહોંચતા તેને એસએસજી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. ત્યાં એક્સ-રે, સોનોગ્રાફી અને સિટી સ્કેન સહિતના ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જોકે, યુવકનો આક્ષેપ છે કે એસએસજી હોસ્પિટલના કેટલાક તબીબોએ પોલીસને બચાવવા માટે "કોઈ તકલીફ નથી" કહી ડિસ્ચાર્જ લેવા દબાણ કર્યું હતું.

યુવક દ્વારા એસએસજી હોસ્પિટલ તેમજ રાવપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપવા પ્રયાસ કરાયો હતો, પરંતુ ક્યાંય FIR નોંધવામાં આવી ન હોવાનું જણાવ્યું છે. પરિણામે, હવે ટ્રાફિક એસીપી ડી.એમ. વ્યાસ સહિતના પોલીસ કર્મચારીઓ સામે FIR નોંધાવવા માટે કોર્ટમાં અરજી કરવામાં આવી છે.



**પુરાવા નાશ થવાની આશંકા : યુવકનો આક્ષેપ**

યુવકનો દાવો છે કે જો તાત્કાલિક FIR નોંધવામાં નહીં આવે તો ઘટનાસ્થળ દાંડિયાબજાર-અકોટા ચાર રસ્તા સહિતના સરકારી અને ખાનગી સ્થળોના CCTV ફૂટેજ નાશ થઈ શકે છે. આ ઉપરાંત, આરોપી પોલીસ કર્મચારીઓના નિવેદન કે સ્ટેટમેન્ટ પણ આજદિન સુધી લેવામાં આવ્યા નથી. આ તમામ મુદ્દાઓને ધ્યાનમાં રાખી કોર્ટમાં એક્શન ટેકન રિપોર્ટ રજૂ કરવાની માંગ કરવામાં આવી છે.

**શહેર સ્વચ્છતાના ધજાગરા** 'ઝીરો વેસ્ટ'ના સપના બતાવતું તંત્ર ગટર ઉભરાવાની સમસ્યા ઉકેલવામાં નિષ્ફળ

# પાલિકાએ વસૂલ્યો 1.34 કરોડનો દંડ, છતાં વડોદરામાં ઠેર-ઠેર ગંદકીના ગંજ!



**દંડની કમાણી:** વર્ષ દરમિયાન નાગરિકો પાસેથી કરોડો રૂપિયાની પેનલ્ટી વસૂલાઈ.



**હોટસ્પોટ:** રાત્રિ બજાર અને ખંડેરાવ માર્કેટ પાછળ ગંદકી અને દબાણનો ત્રાસ, તંત્રની ઘોર ઉદાસીનતા.



**ગટરની પીડા:** શહેરમાં ગટરો ઉભરાવાની સમસ્યા યથાવત, કોન્ટ્રાક્ટરો સામે શૂન્ય પગલાં.

**દંડની** કમાણીમાં મસ્ત, સુવિધામાં નબળી પાલિકા

(પ્રતિનિધિ ) વડોદરા તા.6

એક તરફ વડોદરા મહાનગરપાલિકા શહેરને 'ઝીરો વેસ્ટ સિટી' બનાવવાની વાતો કરી નાગરિકો અને વેપારીઓ પાસેથી લાખોનો દંડ ઉઘરાવી રહી છે, તો બીજી તરફ વાસ્તવિકતા કંઈક અલગ જ ચિત્ર રજૂ કરે છે. શહેરના અનેક વિસ્તારોમાં ગંદકીના ઢગલા અને ઉભરાતી ગટરોએ પાલિકાના 'સ્વચ્છતા મિશન'ના ધજાગરા ઉડાવ્યા છે. ટેક્સ ભરતી જનતા હવે સવાલ કરી રહી છે કે, જો ગંદકી બદલ નાગરિકો દંડાય, તો નિષ્ફળ અધિકારીઓ પર કાર્યવાહી ક્યારે?

પાલિકા દ્વારા જારી કરાયેલા આંકડા મુજબ, વર્ષ 2025માં ગંદકી, પ્લાસ્ટિક અને બાંધકામના કાટમાળ બદલ કુલ 1,34,34,320/- નો મસમોટો દંડ વસૂલવામાં આવ્યો છે. માત્ર ડિસેમ્બર માસમાં જ 26.56 લાખથી વધુની પેનલ્ટી વસૂલાઈ છે. સફાઈ કામગીરી માટે RRR સેન્ટર, મોબાઈલ વ્હીકલ અને ડોર-ટુ-ડોર કલેક્શન જેવી સુવિધાઓ કાગળ પર તો આધુનિક લાગે છે, પરંતુ જમીની હકીકત એ છે કે અનેક વિસ્તારોમાં હજુ પણ કચરો સમયસર ઉપડાતો નથી અને ગટરો ઉભરાતી હોવાની ફરિયાદોનો અંબાર છે.

સ્થાનિક રહીશો અને વેપારીઓનો આરોપ છે કે પાલિકા માત્ર દંડ વસૂલવામાં જ સક્રિયતા બતાવે છે. જ્યારે સફાઈ કે ગટરની સમસ્યા અંગે ફરિયાદ કરવામાં આવે ત્યારે તંત્રના અધિકારીઓ દ્વારા ઉદાસીનતા દાખવવામાં આવે છે. "અમે મોંઘો ટેક્સ અને ગંદકીનો દંડ પણ ભરીએ, છતાં અમારે ગંદકીમાં જ રહેવાનું?" - તેવો પ્રશ્ન નાગરિકો ઉઠાવી રહ્યા છે. સ્વચ્છતાના ધજાગરા ઉડાવતા અધિકારીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

**એક નજર: પાલિકાનો દંડકીય 'ટાર્ગેટ'**

કુલ વસૂલાત (વર્ષ 2025):
**1,34,34,320/-**

ડિસેમ્બર માસનો દંડ:
**26,56,550/-**

**જનતાનો સવાલ:** ગંદકીના ઢગલા અને ઉભરાતી ગટરો માટે જવાબદાર ક્યા અધિકારી? શું પાલિકા ખુદ પોતાની નિષ્ફળતા બદલ દંડ ચૂકવશે?

**સ્થિતિ:** કાગળ પર મિશન 'સ્વચ્છ વડોદરા', જમીન પર ગંદકીના ગંજ.

# પાંચ માળની બિલ્ડિંગની બાલ્કનીમાંથી કપડાં લેતા પટકાયેલી 14 વર્ષીય સગીરાનું મોત

**સગીરાના** તાત્કાલિક ખાનગી હોસ્પિટલમાં ખસેડાઇ પરંતુ ટુંકી સારવાર બાદ મોત

**વાઘોડિયા** રોડ પર રહેતા પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું

(પ્રતિનિધિ) વડોદરા તા.6

વડોદરાના વાઘોડિયા રોડ વૈકુંઠ ચાર રસ્તા પાસે આવેલી બિલ્ડિંગના પાંચમાં માળેથી બાલ્કનીમાં સૂકવેલા કપડા લેતા 14 વર્ષની બાળકી પાંચમાં માળેથી નીચે પટકાઈ હતી. જેમાં તેને ગંભીર ઈજાઓ થતા તાત્કાલિક તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાઈ હતી. જ્યાં સારવાર દરમ્યાન તેનું મોત નિપજ્યું હતું.



પોલીસે અકસ્માતે મોત અંગેનો ગુનો નોધ્યો છે.

વડોદરા શહેરના વાઘોડિયા રોડ વૈકુંઠ ચાર રસ્તા પાસે આવેલી સિદ્ધનાથ પેરેડાઈઝ નામના એપાર્ટમેન્ટમાં રહેતી 14 વર્ષીય સગીરા ધ્રુવિબેન અમિતકુમાર શાહ સોમવારે રાત્રે 8 વાગ્યા બાદ મકાનની બાલ્કનીમાં સૂકવેલા કપડા લેવા માટે ગઈ હતી. દરમ્યાન એક કપડું મકાનના વાછટિયા પર પડતા તે લોખંડની ગ્રિલ પકડવા ગઈ હતી. આ દરમ્યાન મકાનના પાંચમાં માળેથી સગીરા નીચે પટકાઇ હતી. જેમાં તેને ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર માટે ખાનગી હોસ્પિટલ ખાતે લઈ ગયા હતા. ત્યાંથી બાળકીને વધુ સારવાર માટે અન્ય હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું. આ ઘટનાને લઈ પોલીસે બાળકીના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સયાજી હોસ્પિટલમાં ખસેડયો હતો. બાળકીના મોતને લઈ પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. બાપોદ પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.